શાળા – કોલેજોમાં મોબાઇલ ફોન
વાપરવા પર પ્રતિબંધ

ટેકનિકલ શિક્ષણ સંચાલનાલય
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
પત્ર મળ્યાની તારીખ
આવક રજીસ્ટરનો
જેને મોકલ્યો તે
શાખાનું નામ
પરિપત્ર

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃપરચ.૧૨૨૦૧૦/૧૮૫૪/વ.૨
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૨૮ /૭/૨૦૧૦

છેલ્લા કેટલાક વર્ષોમાં મોબાઇલ ફોનનો ઉપયોગ ઘણોજ વધ્યો છે. વિદ્યાર્થીઓ ધ્વારા પણ મોબાઇલ ફોનનો વપરાશ વધતો જાય છે. આનાથી શાળા- કોલેજોના શૈક્ષિણક વાતાવરણને ખરાબ અસર થાય છે. તેથી શાળા કોલેજોમાં મોબાઇલ ફોનના વપરાશ પર પ્રતિબંધ મૂકવાનું સરકારશ્રીની વિચારણામાં હતુ. પુખ્ત વિચારણાના અંતે શાળા કોલેજોમાં મોબાઇલ ફોનના વપરાશ અંશે નીચે મુજબની પ્રતિબંધાત્મક સૂચનાઓ આપવામાં આવે છે.

૧. ધોરણ-૧૨ સુધીની ( એટલે કે તમામ) શાળાઓમાં વિદ્યાર્થીઓએ મોબાઇલ ફોન લઇ જવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. આ શાળાઓના શિક્ષકો સહીત તમામ કર્મચારીઓ તથા શાળામાં આવતા વાલીઓ સહીતના મુલાકાતીઓ વર્ગખંડ, ગ્રંથાલય, પ્રયોગશાળા કે શૈક્ષિણક બાબત સાથે સંકળાયેલ કોઇપણ જગ્યાએ મોબાઇલ વાપરી શકશે નહિ.

૨. કોલેજ સ્તરે (ધોરણ-૧૨ પછી) પણ વર્ગખંડ, ગ્રંથાલય, પ્રયોગશાળા કે શૈક્ષિણક બાબત સાથે સંકળાયેલ કોઇપણ જગ્યા એ વિદ્યાર્થીઓ, શિક્ષકો સહીત તમામ કર્મચારીઓ તથા વાલીઓ સહીતના તમામ મુલાકાતીઓ મોબાઇલ વાપરી શકશે નહિ

૩. શાળાઓ બિલ્ડીંગમાં મધ્યસ્થ જગ્યાએ લેન્ડ-લાઇન ફોનની સુવિધા રાખવા ભલામણ કરવામાં આવે છે. જેથી કટોકટીના સમયે જરુર પડયે કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ ફોન કરી શકે. આવાં ફોન પર આવેલ સંદેશાઓ સત્વરે સબંધિત કર્મચારી / વિદ્યાર્થીને પહોંચતા કરવાના રહે, તે માટેની વ્યવસ્થા ગોઠવવાની જવાબદારી શાળાના આચાર્યની રહે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.જે.બ્રહ્મભટ્ટ)
સરકારના નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ

પ્રતિ,
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
માન. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
માન. રા.ક.ના મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
માહિતી કમિશનરશ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર સદર પરિપત્રની મીડીઆમાં પ્રસિધ્ધિ અર્થે.
વિભાગ હસ્તકના સર્વે ખાતાના વડાશ્રીઓ, (તમામ શૈક્ષણિક સંસ્થાઓને જાણ તથા ઘટતી કાર્યવાહી સારુ મોકલવું)
વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
વિભાગની સર્વે શાખાઓ. (કોમ્પ્યુટર સેલને આ પરિપત્ર વેબસાઇટ પર મુકવા વિનંતી)
સિલેકટ ફાઇલ.